પેજ 3

ધર્મેન્દ્રએ આંખની સર્જરી કરાવી, કહે છે, ''અભી બહોત દમ હૈં''

નવી દિલ્હી, તા.1 (પીટીઆઈ): દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રએ મંગળવારે કહ્યું કે તેમણે આંખની સર્જરી કરાવી છે અને ચાહકોને ખાતરી આપી છે કે તેઓ સ્વસ્થ છે અને મજબૂત છે. 89 વર્ષીય અભિનેતા મુંબઈની એક હોસ્પિટલમાંથી બહાર નીકળતી વખતે તેમની જમણી આંખ પર પાટો બાંધેલો જોવા મળ્યો હતો. ધર્મેન્દ્રએ હોસ્પિટલની બહાર પત્રકારો સાથે વાતચીત કરી હતી. અભિનેતાએ કહ્યું, ''અભી બહોત દમ હૈ, અભી ભી બહોત જાન હૈ... મેરી આંખ કી સર્જરી હૂઈ હૈ.'' સર્જરીને ક્યારે અને ક્યાં કરવામાં આવી તે તાત્કાલિક પુષ્ટિ થઈ શકી નથી. ધર્મેન્દ્ર આગામી સમયમાં શ્રીરામ રાઘવનની યુદ્ધ નાટક 'ઇક્કિસ'માં જોવા મળશે.

સલમાન ખાનની ઈદ પાર્ટીમાં સ્ટાર્સનો મેળાવડો

મુંબઈ, તા. 1: આ દિવસોમાં સલમાન ખાન ફિલ્મ 'સિકંદર'ને લઈને સમાચારમાં છે. દરમિયાન, 31 માર્ચે, તેમણે ઈદ નિમિત્તે એક પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં ફિલ્મઉદ્યોગના ઘણા મોટા સ્ટાર્સે ભાગ લીધો હતો. સોનાલી બેન્દ્રે, સોનાક્ષી સિંહા, ઝહીર ઇકબાલ, રિતેશ દેશમુખ, જેનેલિયા અને સુનીલ ગ્રોવર સહિત ઘણા સેલેબ્સે પાર્ટીમાં ગ્લેમર ઉમેર્યું હતું. આ પાર્ટી સલમાને તેની બહેન અર્પિતાના રેસ્ટોરન્ટ મર્સીમાં આયોજિત કરી હતી.

ઐશ્વર્યા રાય અને અભિષેકે 'કજરા રે' ગીત પર સાથે જોરદાર ડાન્સ કર્યો

મુંબઈ, તા. 1: ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન તાજેતરમાં એક સંબંધીના લગ્નમાં હાજરી આપી હતી અને આ કપલની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. મંગળવાર, 1 એપ્રિલના રોજ એક નવો વીડિયો સામે આવ્યો છે, જેમાં બંને જોરદાર ડાન્સ કરતા જોવા મળે છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં અભિષેક અને ઐશ્વર્યાએ લગ્ન સમારંભ દરમિયાન સ્ટેજ પર જોરદાર ડાન્સ કર્યો હતો, જેનાથી ચાહકો ખુશ થઈ ગયા હતા. ક્લિપમાં, ઐશ્વર્યા અને અભિષેક ફિલ્મ 'બંટી ઔર બબલી'ના તેમના પ્રખ્યાત ગીત 'કજરા રે' પર ડાન્સ કરતા જોવા મળે છે. તેમની પુત્રી આરાધ્યા બચ્ચન પણ તેમની સાથે હતી. તાજેતરમાં જ એવા સમાચાર આવ્યા હતા કે અભિષેક અને ઐશ્વર્યા છૂટાછેડા લેવાના છે. જોકે, આ કપલે વારંવાર સાબિત કર્યું છે કે તેમની વચ્ચે બધું બરાબર છે.

સલમાનની બહેન અર્પિતા ખાન અને આયુષ શર્મા વચ્ચેના સંબંધોમાં તિરાડ? ઈદની પાર્ટીમાં અંતર જોવા મળ્યું

મુંબઈ, તા. 1: બોલિવૂડ અભિનેતા સલમાન ખાને પોતાના ઘરે ઈદ પાર્ટીનું આયોજન કર્યું હતું. સલમાન ખાનની આ ઈદ પાર્ટીમાં ઘણા સ્ટાર્સ અને પ્રખ્યાત હસ્તીઓ જોવા મળી હતી. આ પાર્ટીમાં સલમાન ખાનની પ્રિય બહેન અર્પિતા ખાન પણ જોવા મળી હતી. તેના લુકના બધાએ વખાણ કર્યા. પોતાના લુક્સ ઉપરાંત, અર્પિતા ખાન પોતાના રિલેશનશિપને કારણે પણ સમાચારમાં આવી હતી. આમ તો દરેક ફંક્શન, ઇવેન્ટ અને ઇદ પાર્ટીમાં અર્પિતા ખાન અને આયુષ શર્મા સાથે પોઝ આપતા જોવા મળે છે. બંને વચ્ચેનું સુંદર બંધન તેમની જોડીમાં જોવા મળે છે, પરંતુ આ વખતે અર્પિતા ખાને પાપારાઝી માટે એકલા જ પોઝ આપ્યો હતો. જેમ કે આ વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, પહેલા અર્પિતા ખાન આવે છે અને પોઝ આપે છે, પરંતુ અર્પિતાના પતિ આયુષ શર્મા આવતાની સાથે જ અર્પિતા પાછળ ફરીને ઘરની અંદર જતી રહે છે.

રણવીર અલ્લાહબાદિયાએ સુપ્રીમ કોર્ટમાં બાંયધરી આપી: શોમાં શિષ્ટાચાર જાળવી રાખશે

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): પોડકાસ્ટર રણવીર અલ્લાહબાદિયાએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં બાંયધરી દાખલ કરી હતી કે તેઓ તેમના 'ધ રણવીર શો'માં શિષ્ટાચાર જાળવી રાખશે. જસ્ટિસ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચને અલ્લાહબાદિયા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિનવ ચંદ્રચુડે જણાવ્યું હતું કે તેમના ક્લાયન્ટે કોર્ટના નિર્દેશનું પાલન કરીને બાંયધરી દાખલ કરી છે અને કેસની તપાસમાં જોડાયા છે અને તેમનાં નિવેદનો નોંધાવ્યાં છે. ચંદ્રચુડે અલ્લાહબાદિયાને તેમનો પાસપોર્ટ જમા કરાવવા માટે સુપ્રીમ કોર્ટની શરતોમાં ફેરફાર કરવાની માંગ કરી હતી અને કહ્યું હતું કે, તેનાથી તેમની આજીવિકા પર અસર પડે છે. સિનિયર વકીલે કહ્યું હતું કે, અલ્લાહબાદિયાને વિવિધ લોકોના ઇન્ટરવ્યુ માટે વિદેશ પ્રવાસ કરવો પડે છે જેના માટે અનેક રાઉન્ડની મીટિંગો કરવી પડે છે. બેન્ચે કહ્યું હતું કે, જો અલ્લાહબાદિયા વિદેશ જાય તો તેની તપાસ પર અસર પડશે અને મહારાષ્ટ્ર અને આસામ સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મેહતાને તપાસ પૂર્ણ કરવા માટે સમયમર્યાદા વિશે પૂછ્યું. મેહતાએ કહ્યું કે તેમણે આ અંગે કોઈ સૂચના માંગી નથી, પરંતુ તપાસ બે અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે.

ગૌરી ખાને મોટો નફો કરીને રૂપિયા 11.61 કરોડમાં પોતાનો લક્ઝરી ફ્લેટ વેચ્યો

મુંબઈ, તા. 1: બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાનની પત્ની ગૌરી ખાન એક સફળ બિઝનેસવુમન પણ છે. તાજેતરમાં તેમણે મુંબઈના પોશ દાદર પશ્ચિમ વિસ્તારમાં પોતાનો લક્ઝરી ફ્લેટ 11.61 કરોડ રૂપિયામાં વેચી નાખ્યો છે. ખાસ વાત એ છે કે, આ ડીલથી તેમણે અઢી વર્ષમાં 3 કરોડ 10 લાખ રૂપિયાનો ચોખ્ખો નફો કર્યો હતો. ગૌરીએ આ ફ્લેટ ઓગસ્ટ 2022માં 8 કરોડ 50 લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગૌરીએ માર્ચ 2025માં આ મિલકત વેચી દીધી હતી. આ ફ્લેટ મુંબઈના દાદર પશ્ચિમમાં કોહિનૂર અલ્ટિસિમો બિલ્ડિંગમાં સ્થિત છે, જે કોહિનૂર સીટીએનએલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ એક તૈયાર રહેણાક પ્રોજેક્ટ છે, જેમાં 2.5 બીએચકે, 3 બીએચકે અને 3.5 બીએચકે ફ્લેટ ઉપલબ્ધ છે. ગૌરીના ફ્લેટમાં 184.42 ચોરસ મીટર (1,985 ચોરસ ફૂટ) બિલ્ટ-અપ એરિયા અને 167.55 ચોરસ મીટર (1,803.94 ચોરસ ફૂટ) કાર્પેટ એરિયા છે. તેમાં બે પાર્કિંગ જગ્યાઓ પણ છે.

મલેશિયામાં ગેસ પાઇપલાઇન ફાટતાં લાગેલી આગમાં 145 લોકો ઘાયલ

આગની જ્વાળાઓ 20 માળ ઊંચી હતી, જે કેટલાય કિલોમીટર દૂર સુધી દેખાઈ

190 ઘરો અને 148 કારોને નુકસાન થયું

કુઆલાલંપુર, તા. 1 (એપી): મલેશિયાના સૌથી મોટા શહેરની બહાર ફાટેલી ગેસ પાઇપલાઇન ફાટવાથી આગના ગોળા આકાશમાં ઊડ્યા હતા અને 145 લોકો ઘાયલ થયા હતા, આગને ઓલવવામાં આવે એ પહેલાં જે ઘણા કલાકો સુધી સળગતી રહી હતી. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

રાષ્ટ્રીય તેલ કંપની પેટ્રોનાસે જણાવ્યું હતું કે, કુઆલાલંપુરની બહાર તેની એક ગેસ પાઇપલાઇનમાં આગ લાગી હતી. આગના કારણે તેની જ્વાળાઓ 20 માળ સુધી ઊંચી પહોંચી હતી અને રહેણાક વિસ્તારની નજીકના ખાલી વિસ્તારમાં એક વિશાળ ખાડો પડી ગયો હતો.

ન્યુ સ્ટ્રેટ્સ ટાઇમ્સ દૈનિક દ્વારા આરોગ્ય પ્રધાન ઝુલકેફ્લી અહમદને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, ત્રણ બાળકો સહિત 145 લોકો ઘાયલ થયા છે. પ્રધાને કહ્યું હતું કે 67 લોકો હજી પણ જાહેર હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે, જેમાં મોટા ભાગે બીજા અને ત્રીજા ડિગ્રીના દાઝી ગયા છે, જ્યારે 37 અન્ય લોકો ક્લિનિક્સ અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે.

અગ્નિશમન વિભાગે જણાવ્યું હતું કે, આગથી 190 ઘરો અને 148 કારને નુકસાન થયું છે.

આગના કારણની તપાસ ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળથી 290 મીટર (યાર્ડ)ની અંદરના ઘરોમાં પ્રવેશ પ્રતિબંધિત રહેશે.

દક્ષિણ-પશ્ચિમી આઈસલેન્ડમાં જ્વાળામુખી ફાટવાનું શરૂ થયું, નજીકના શહેરને ખાલી કરાયા

800 વર્ષ સુધી નિષ્ક્રિય રહ્યા પછી જ્વાળામુખી જીવંત થયો

લંડન, તા. 1 (એપી): મંગળવારે દક્ષિણપશ્ચિમ આઈસલેન્ડમાં જ્વાળામુખી ફાટવાનું શરૂ થયું હતું, ત્યાર બાદ અધિકારીઓએ નજીકના સમુદાય અને બ્લુ લગૂન સ્પાને ખાલી કરાવ્યા હતા.

રાષ્ટ્રીય પ્રસારણકર્તા આરયુવીએ અહેવાલ આપ્યો છે કે, ગ્રિન્ડાવિક શહેર નજીક જ્વાળામુખી ફાટતાં જ હવામાં જ્વાળાઓ અને ધુમાડા ફેલાઈ ગયા હતા, જ્યાં લગભગ 40 ઘરોને ખાલી કરાવવામાં આવ્યા છે. રેકજેન્સ દ્વીપકલ્પ પર સ્થિત આ સમુદાયને એક વર્ષ પહેલાં મોટા ભાગે ખાલી કરાવવામાં આવ્યો હતો જ્યારે 800 વર્ષ સુધી નિષ્ક્રિય રહ્યા પછી જ્વાળામુખી જીવંત થયો હતો.

વેબકેમે પીગળેલા ખડકો સમુદાય તરફ ફેલાતા દર્શાવ્યા હતા. ગ્રિન્ડાવિકમાં સાયરન વાગ્યું હતું જ્યારે નજીકના બ્લુ લગૂન જીઓથર્મલ સ્પા - આઈસલેન્ડના સૌથી મોટા પર્યટન આકર્ષણોમાંનું એક -ને પણ ખાલી કરાવવામાં આવ્યું હતું.

આઈસલેન્ડના હવામાન વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''આ તિરાડ હવે લગભગ 500 મીટર (યાર્ડ) લાંબી છે અને ગ્રિન્ડાવિકની ઉત્તરે રક્ષણાત્મક અવરોધમાંથી પસાર થઈ ગઈ છે.''

''આ તિરાડનું વધવાનું જારી છે અને તે વધુ દક્ષિણ તરફ ખુલવાનું ચાલુ રાખી શકે છે તે નકારી શકાય નહીં.'' આઈસલેન્ડિક હવામાન કચેરીએ જણાવ્યું હતું કે, મેગ્મા પ્રવાહ સ્થાનિક સમય મુજબ સવારે 6:30 વાગ્યે (0630 જીએમટી) શરૂ થયો હતો અને તેની સાથે અગાઉના વિસ્ફોટો જેવા જ તીવ્ર ભૂકંપના આંચકા પણ અનુભવાયા હતા.

ભારત અવકાશમાંથી બહુ જ સુંદર દેખાય છે: સુનિતા વિલિયમ્સ

હું ચોક્કસ મારા પિતાના વતન ગુજરાતની મુલાકાતે જઈશ -હિમાલયના દ્રશ્યો બહુ જ અદ્ભુત છે

ન્યૂયોર્ક, તા. 1 (પીટીઆઈ): ભારત અવકાશમાંથી અદ્ભુત દેખાય છે અને આશા વ્યક્ત કરી હતી કે તે તેના પિતાના વતનની મુલાકાત લેશે અને ત્યાંના લોકો સાથે અવકાશ સંશોધન વિશેના અનુભવો શેર કરશે, એમ નાસાનાં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે કહ્યું હતું.

ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સે સોમવારે એક પત્રકાર પરીષદ દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તેઓ જ્યારે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં હતાં ત્યારે ભારત અવકાશમાંથી કેવું દેખાતું હતું અને અવકાશ સંશોધન પર ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઇસરો) સાથે તેમના જોડાણની શક્યતા અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યાં હતાં.

'ભારત અદ્ભુત છે. જ્યારે પણ અમે હિમાલયની ઉપરથી પસાર થયા હતા, બ્રૂયે હિમાલયની કેટલીક અદ્ભુત તસવીરો લીધી છે' એમ વિલિયમ્સે કહ્યું.

સ્પેસએક્સ ક્રૂ-9 મિશનના ભાગરૂપે પૃથ્વી પર પાછા ફર્યાના થોડાક દિવસો પછી 59 વર્ષીય નાસા અવકાશયાત્રી વિલિયમ્સ અને તેમના સાથી અવકાશયાત્રી બૂચ વિલ્મોરે તેમની પ્રથમ સંયુક્ત પત્રકાર પરિષદમાં પત્રકારોને સંબોધિત કર્યા હતા, તેઓ નવ મહિનાથી વધુ સમય સુધી અવકાશમાં ફસાયેલા રહ્યા હતા.

'મને લાગે છે કે, જ્યારે તમે પૂર્વથી આવો છો, ગુજરાત અને મુંબઈ તરફ જાવ છો, ત્યારે દરિયાકાંઠે આવેલો માછીમારીનો કાફલો તમને થોડો દીવાદાંડી આપે છે કે આપણે અહીં આવ્યા છીએ, અને પછી આખા ભારતમાં, મને લાગે છે કે મારા પર જે છાપ પડી હતી તે મોટા શહેરોમાંથી નાના શહેરોમાંથી નીચે જતા લાઇટના નેટવર્ક જેવી જ હતી. રાતના દ્રશ્યો સાથે જ દિવસના દ્રશ્યો અદ્ભુત હતા, ચોક્કસપણે હિમાલય સૌથી આગળ પડતા દ્રશ્ય તરીકે અને ત્યાંથી નીચે ભારતના દ્રશ્યો અદ્ભુત દેખાતા હતા', એમ તેમણે કહ્યું.

સુનિતા વિલિયમ્સના પિતા દીપક પંડ્યા ગુજરાતના છે અને 1958માં અમેરિકા ગયા હતા.

વિવાદિત 'યેશુ યેશુ પયગંબર' બૈજન્દર સિંહને બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા

અદાલતે બૈજન્દરે કરેલા કૃત્યને જઘન્ય અપરાધ ગણાવ્યો

અદાલતે કહ્યું બૈજન્દરે ઉપદેશક તરીકે પોતાની સ્થિતિનો દુરુપયોગ કર્યો

2018માં એક મહિલાએ બૈજન્દર સામે બળાત્કારનો કેસ નોંધાવ્યો હતો

ચંદીગઢ, તા. 1 (પીટીઆઈ): મોહાલીની એક અદાલતે જાતે બની બેસેલા ઉપદેશક બૈજન્દર સિંહને 2018ના બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા સંભળાવી હતી, અદાલતે અવલોકન કર્યું હતું કે બૈજન્દરે ઉપદેશક તરીકે પોતાની સ્થિતિનો દુરુપયોગ કરી જઘન્ય અપરાધ કર્યો હતો.

એડિશ્નલ ડિસ્ટ્રીક્ટ અને સેશન જજ વિક્રાંત કુમારે ચુકાદો સંભળાવ્યો હતો બૈજન્દરને 28 માર્ચના રોજ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેને કેટલીક વખત 'યેશુ યેશુ પયગંબર' તરીકે સંબોધવામાં આવે છે.

બૈજન્દરને 376 (બળાત્કાર) અને અન્ય કલમો હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો હતો ત્યારે અદાલતે પાંચ અન્ય અખબાર ભટ્ટી, રાજેશ ચૌધરી, જતિન્દર કુમાર, સિતાર અલી અને સંદીપ પહેલવાનને નિર્દોષ છોડ્યા હતા.

તેના વકીલ એચ એસ ધનોઆએ કહ્યું હતું કે તેઓ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં આ આદેશને પડકારશે.

ચુકાદો સંભળાવવામાં આવ્યો તે પહેલાં અદાલત સંકુલમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યારે બૈજન્દરને મનસા જેલથી ભારે સુરક્ષા હેઠળ લાવવામાં આવ્યો હતો.

વર્ષ 2018માં એક મહિલા દ્વારા ઝિરકપુર પોલીસ સ્ટેશનમાં કરાયેલી ફરિયાદના આધારે આ કેસ નોંધવામાં આવ્યો હતો.

પીડિતાના વકીલ અનિલ સાગરે કહ્યું હતું, 'અદાલતે એક દાખલારૂપ ચુકાદો આપ્યો છે કારણ કે આવા કેસોમાં કોઈ પણ ઉદાસીન અભિગમ ગુનેગારોમાં વિશ્વાસ જગાડે છે જેઓ ગરીબો અને નબળા લોકોનું શોષણ કરવા માટે ધર્મની આડ લે છે.'

પીડિતાએ કોર્ટના ચુકાદાનું સ્વાગત કરતા કહ્યું કે તેને સાત વર્ષ પછી ન્યાય મળ્યો છે. તેણે એવો પણ દાવો કર્યો હતો કે સમાધાન કરવા માટે તેને પૈસાની ઓફર કરવામાં આવી હતી.

ગ્રીસના પર્યટક દ્વિપો પર ભારે વરસાદ અને તોફાને તારાજી સર્જી

એથેન્સ, તા. 1: ગ્રીસના કેટલાંક પર્યટક દ્વિપો પર ભારે તોફાન અને વરસાદ બાદ ભારે નુકસાન થયું હતું, માર્ગો નદીમાં ફેરવાઈ ગયા હતા અને વાહનો તણાઈ ગયા હતા. ગ્રીસના સૌથી લોકપ્રિય પર્યટન સ્થળ પારોસ અને માયકોનોસ દ્વિપ પર સોમવારે ભારે વરસાદના પગલે તે પૂરના પાણીમાં ડૂબી ગયા હતા, લોકોએ તેને 'બાઈબલમાં જણાવી છે તેવી વિપદા' કહી હતી. આકાશમાં કાળા વાદળ છવાયેલા હતા અને ધોધમાર વરસાદે શેરીઓને નદીમાં ફેરવી દીધી હતી, કેટલાંક વીડિયો ફુટેજમાં કારો પૂરના પાણીમાં તણાઈ જતી દેખાય છે.

ખરાબ હવામાનના કારણે બચાવ દળો માટે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવાનું મુશ્કેલ બન્યું હતું જેના પગલે સત્તાવાળાઓએ લોકોને ઘરોમાં જ રહેવા કહેવાયું હતું કારણ કે વરસાદ અનિયંત્રીત પડી રહ્યો છે.

ઝારખંડમાં એનટીપીસી સંચાલિત બે માલગાડીઓ સામસામે અથડાતાં 2 ડ્રાઈવરોનાં મોત

માલગાડીઓ અને પાટા એનટીપીસીના છે, તેનો ભારતીય રેલવે સાથે કોઈ સંબંધ નથી: ભારતીય રેલવેના અધિકારી

રાંચી, તા. 1 (પીટીઆઈ): પોલીસે જણાવ્યું હતું કે, ઝારખંડના સાહેબગંજ જિલ્લામાં મંગળવારે વહેલી સવારે બે માલગાડીઓ વચ્ચે થયેલી ટક્કરમાં બે લોકોનાં મોત થયાં હતાં અને ચાર અન્ય ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, વીજ કંપની એનટીપીસી દ્વારા સંચાલિત બે ટ્રેનો વચ્ચેની ટક્કર બરહૈત પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભોગનાડીહ નજીક સવારે 3 વાગ્યાની આસપાસ થઈ હતી.

જે પાટા પર અકસ્માત થયો તે પણ એનટીપીસીની માલિકીના છે અને મુખ્યત્વે તેના પાવર પ્લાન્ટમાં કોલસાના પરિવહન માટે ઉપયોગમાં લેવાય છે.

સાહેબગંજના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી કિશોર તિર્કીએ જણાવ્યું હતું કે, ''બંને માલગાડીઓ સામસામે અથડાતાં બન્ને માલગાડીઓના ડ્રાઈવરોનાં મોત થયાં હતાં.''

પૂર્વીય રેલવેના પ્રવક્તા કૌશિક મિત્રાએ જણાવ્યું હતું કે, ''માલગાડીઓ અને પાટા એનટીપીસીના છે. તેનો ભારતીય રેલવે સાથે કોઈ સંબંધ નથી.'' જે લાઈન પર અકસ્માત થયો હતો, જેને સામાન્ય રીતે એનટીપીસી લાલમતિયા એમજીઆર તરીકે ઓળખવામાં આવે છે, તે બિહારના ભાગલપુર જિલ્લામાં પીએસયુના કહલગાંવ સુપર થર્મલ પાવર સ્ટેશનને પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં ફરક્કા પાવર પ્લાન્ટ સાથે જોડે છે.